# India-Serbia Foreign Office Consultations

February 03, 2023

# ભારત-સર્બિયા વિદેશ કાર્યાલય પરામર્શ

03 ફેબ્રુઆરી, 2023

ભારત અને સર્બિયા વચ્ચે 8મો વિદેશ કાર્યાલય પરામર્શ 03 ફેબ્રુઆરી 2023ના રોજ નવી દિલ્હીમાં યોજાયો હતો. ભારતીય પક્ષનું નેતૃત્વ વિદેશ મંત્રાલયના સચિવ ( પશ્ચિમ) શ્રી સંજય વર્મા દ્વારા કરવામાં આવ્યું હતું અને સર્બિયન પક્ષનું નેતૃત્વ સર્બિયાના વિદેશ મંત્રાલયના દ્વિપક્ષીય સહકારના સહાયક મંત્રી રાજદૂત વ્લાદિમીર મેરીકે કર્યું હતું.

2. ભારત અને સર્બિયા નજીકના અને મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે જે બંને દેશના લોકો વચ્ચેના દિર્ઘકાલીન મિત્રતાના બંધન પર આધારીત છે. આ પરામર્શમાં વેપાર અને આર્થિક સંબંધો, સંરક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી, સંશોધન અને વિકાસ, ફાર્માસ્યુટિકલ્સ, કૃષિ, સંસ્કૃતિ અને લોકો વચ્ચેના પારસ્પરિક સંબંધોને આવરી લેતા વર્તમાન દ્વિપક્ષીય સંબંધોની વ્યાપક સમીક્ષા કરવામાં આવી હતી. બંને પક્ષોએ બહુપક્ષીય મંચોમાં તેમના મજબૂત સહયોગ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

3. બંને પક્ષોએ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ મંતવ્યોનું આદાનપ્રદાન કર્યું હતું, જેમાં ભારતના પડોશીમાં વિકાસ, યુક્રેન અને સંયુક્ત રાષ્ટ્રનો સમાવેશ થાય છે. જી20ના પ્રમુખ તરીકે ભારતની પ્રાથમિકતાઓ અને ગ્લોબલ સાઉથના હેતુને આગળ ધપાવવાના તેના પ્રયાસો પણ સર્બિયન પક્ષ સાથે શેર કરવામાં આવ્યા હતા.

4. બંને પક્ષો દ્વિપક્ષીય સંબંધોને પોષતા નિયમિત વિનિમયને ટક ાવી રાખવા પર સંમત થયા હતા. વિદેશ કાર્યાલય પરામર્શનો આગળનો રાઉન્ડ બેલગ્રેડમાં પરસ્પર અનુકૂળ તારીખો પર યોજાશે.

**નવી દિલ્હી**
**03 ફેબ્રુઆરી, 2023**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.